


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 12 ■ તા. 22-03-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

22-03-2026_12 Jan Fariyad_New_P-1

# ઈરાને ડિએગો ગાર્સિયા પર છોડી મિસાઈલ, રેન્જ જોઈ દુનિયા સ્તબ્ધ

નવી દિલ્હી, તા.૨૧

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે એક એવા સમાચાર સામે આવ્યા છે જેણે સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. વોલ સ્ટ્રીટ જર્નલ ના રિપોર્ટ અનુસાર, ઈરાને હિંદ મહાસાગરમાં આવેલા અમેરિકા અને બ્રિટનના સંયુક્ત સૈન્ય મથક ડિયેગો ગાર્સિયા પર બે મધ્યમ અંતરની મિસાઈલોથી હુમલો કર્યો છે. આ ઘટના બાદ વૈશ્વિક સ્તરે ખળભળાટ મચી ગયો છે.રિપોર્ટ મુજબ, ઈરાન દ્વારા છોડવામાં આવેલી બંને મિસાઈલો અમેરિકી સૈન્ય અડ્ડાને ભેદવામાં નિષ્ફળ રહી છે અને બેઝને કોઈ નુકસાન થયું નથી. અમેરિકાએ આ મિસાઈલને રોકવા માટે પોતાના જંગી જહાજ પરથી જીસ-૩ ઈન્ટરસેપ્ટર લોન્ચ કર્યું હતું. જોકે, ઈન્ટરસેપ્ટર મિસાઈલને હવામાં તોડી પાડવામાં સફળ રહ્યું કે નહીં તેની સ્પષ્ટતા થઈ નથી. ઈરાનથી ડિયેગો ગાર્સિયાનું અંતર અંદાજે ૪૧૧૮ કિલોમીટર છે. ઈરાનની અત્યાર સુધીની જાણીતી મિસાઈલ ક્ષમતા આટલી લાંબી રેન્જની નથી, જે સૂચવે છે કે ઈરાને ગુપ્ત રીતે પોતાની સૈન્ય શકિતમાં મોટો વધારો કર્યો છે.સામાન્ય રીતે ઈરાનની ગતિવિધિઓ અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (મિડલ ઈસ્ટ) હેઠળ આવતી હોય છે, પરંતુ ડિયેગો ગાર્સિયા યુએસ ઈન્ડો-પેસિફિક કમાન્ડના વિસ્તારમાં આવે છે. આ હુમલાથી સાબિત થાય છે કે, હવે યુદ્ધનો વ્યાપ વધી રહ્યો છે અને ઈરાન સીધા અમેરિકાના વ્યૂહાત્મક સ્થળોને નિશાન બનાવી રહ્યું છે. આ હુમલા અંગે વ્હાઈટ હાઉસ કે બ્રિટનના સંરક્ષણ મંત્રાલય દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. આ ઘટનામાં ઈઝરાયલ કે અન્ય પડોશી દેશોની ભૂમિકા અથવા પ્રતિક્રિયા પર પણ દુનિયાની નજર રહેશે.ડિયેગો ગાર્સિયા એ હિંદ મહાસાગરમાં આવેલો એક નાનો ટાપુ છે, જે અમેરિકા અને બ્રિટન માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનો છે. અહીંથી જ અમેરિકા એશિયા અને મિડલ ઈસ્ટ પર નજર રાખે છે અને બોમ્બર વિમાનોનું સંચાલન કરે છે.

## પ્રવાસન સ્થળો પર હુમલાની ઈરાનની ધમકીઃ અમેરિકાએ સૈન્યબળ વધાર્યું

દુબઈ, તા.૨૧

ઈરાને યુદ્ધની જ્વાળાઓને માત્ર ખાડી દેશો પૂરતી મર્યાદિત રાખવાના બદલે વિશ્વના અન્ય વિસ્તારોને પણ ભરખી જવાની ચીમકી આપી છે. વિશ્વમાં આવેલા પ્રવાસન સ્થળો તથા મનોરંજન મથકો પર ત્રાટકવાની ચીમકી આપવાની સાથે ઈરાને લાંબા સમયના યુદ્ધ માટે મિસાઈલોનું નિર્માણ ચાલી રહ્યું હોવાનો હુંકાર કર્યો છે. ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈએ જાહેર નિવેદનમાં યુદ્ધ દરમિયાન સાહસ દર્શાવવા બદલ નાગરિકોનો આભાર માન્યો છે. ઈરાન સાથેનું યુદ્ધ લાંબું ખેંચાય તો ખાડી દેશો બહાર પણ અશાંતિ ફેલાવાની દહેશત વચ્ચે અમેરિકાએ વધુ ત્રણ યુદ્ધ જહાજો અને ૨,૫૦૦ નૌસૈનિકોને ખાડી દેશો તરફ રવાના કર્યા છે. યુએસ-ઈઝરાયેલના હુમલામાં ઈરાનના ટોચના નેતાઓ ઉપરાંત શસ્ત્ર ભંડારો અને ક્રૂડ-ગેસને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ઈરાનને થયેલા નુકસાનની સચોટ વિગતો બહાર આવી નથી, પરંતુ ઈરાને વળતા હુમલા કરી પડોશી ખાડી દેશોમાં પવિત્ર રમઝાન માસ અને ઈદની ઉજવણીના રંગમાં ભંગ પાડી દીધો છે. ઈરાનમાં પણ પર્શિયન નવું વર્ષ નવરોઝ ઉજવાઈ રહ્યું છે. ઈરાનને પહોંચેલા નુકસાનનો અંદાજ માંડવામાં ભલભલા નિષ્ણાતો ગૂંચવાઈ રહ્યા છે ત્યારે ઈરાન એક પછી એક વ્યૂહાત્મક હુમલા કરી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં ક્રૂડ અને ગેસની કિંમતોમાં ઉછાળા લાવી દીધા પછી ઈરાને હવે પ્રવાસન તથા મનોરંજન સ્થળો તરફ નજર દોડાવી છે. ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈએ લેખિત નિવેદનમાં જણાવ્યુ હતું કે, યુએસ-ઈઝાયેલને લાગતું હતું કે, સર્વોચ્ચ નેતાને ઠાર માર્યા પછી સરકારને ઉખાડી ફેંકવાનું સરળ રહેશે. આ કપરાસમયમાં ઈરાનના લોકોએ દેશભરમાં સંરક્ષણનો મોરચો સંભાળ્યો છે અને શત્રુઓને સણસણતો તમાચો ઝીંકી દીધો છે, જેના લીધે શત્રુઓ વિરોધાભાસી અને તર્કહીન નિવેદનો આપી રહ્યા છે.

## અમેરીકાએ ઈરાનના ઓઈલ પરનો પ્રતિબંધ હટાવ્યો

વૉશિંગ્ટન, તા.૨૧

અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર કરેલા હુમલા બાદ મિડલ ઈસ્ટમાં યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ગેસની સપ્લાય પણ ખોરવાઈ છે. જેના કારણે અનેક દેશો મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે હવે અમેરિકાએ ઈરાનના ઓઈલ પર લાગેલો પ્રતિબંધ હટાવવાની જાહેરાત કરી છે. જેનો અર્થ છે કે હવે દુનિયાના દેશો ઈરાન પાસેથી ઓઈલ ખરીદી શકશે. અમેરિકાનું નાણા મંત્રાલય ઈરાનના ઓઈલ પર લાગેલા પ્રતિબંધોને અસ્થાયી રૂપે હટાવી રહ્યું છે. અત્યારે સમુદ્રમાં (જહાજોમાં) જે ઓઈલ છે, તેને મોટાભાગના દેશોને વેચવાની મંજૂરી આપવામાં આવી રહી છે. અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે 'ઠ' પર જણાવ્યું છે કે, આ ટૂંકાગાળાની મંજૂરીથી લગભગ ૧૪ કરોડ બેરલ તેલ વૈશ્વિક બજારોમાં આવી શકશે. બેસેન્ટે સ્પષ્ટતા કરી હતી કે, આ મંજૂરી માત્ર તે ઓઈલ સુધી મર્યાદિત છે જે પહેલેથી જ રસ્તામાં (સમુદ્રમાં) છે અને નવી ખરીદી કે ઉત્પાદનની કોઈ મંજૂરી આપવામાં આવી નથી. અમે ઓઈલની કિંમતો ઓછી રાખવા માટે ઈરાનના બેરલનો ઉપયોગ તેની વિરુદ્ધ જ કરીશું. યુદ્ધ શરૂ થયા પછી અને મિડલ ઈસ્ટમાં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઈરાની હુમલાઓ બાદ તેલ અને ગેસની કિંમતોમાં ઝડપથી વધારો થયો છે. ક્રૂડ ઓઈલની કિંમત લગભગ ૧૧૨ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા એક વર્ષમાં કુલ ૫૩% નો વધારો નોંધાયો છે.નોંધનીય છે કે અમેરિકાની આ જાહેરાત બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની અછત દૂર થવાની સાથે સાથે કિંમતો ઘટવાની શક્યતા છે. ભારત પોતાની જરૂરિયાતનું ૮૫% થી વધુ તેલ આયાત કરે છે. આ નિર્ણયથી ભારતને બે રીતે ફાયદો થઈ શકે છે. જો ક્રૂડ ઓઈલના ભાવ ઘટીને ૯૦-૯૫ ડોલરની આસપાસ આવે, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા અટકશે. તેલ સસ્તું થવાથી ભારતનું વિદેશી મુદ્રા ભંડાર બચશે અને ડોલર સામે રૂપિયો મજબૂત થશે.અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર કરેલા હુમલા બાદ મિડલ ઈસ્ટમાં યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધના ૨૧માં દિવસે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચોંકાવનારો 'એક્ઝિટ પ્લાન' આપ્યો છે. જે બાદ હવે અમેરિકા સીઝફાયર માટે રાજી થાય તેવી અટકળોને વેગ મળ્યો છે. ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાના જે સૈન્ય ઉદ્દેશ્યો હતા, તે હવે પૂર્ણ થવાના આરે છે. જે બાદ હવે અમેરિકા સૈન્ય કાર્યવાહી ધીમે ધીમે ઓછી કરવાની તૈયારી કરી રહ્યું છે. ટ્રમ્પ પોતાની ઉપલબ્ધિઓને જીત માની રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમે ઈરાનની મિસાઈલ ક્ષમતા, સંરક્ષણ ઉદ્યોગ, નૌસેના અને વાયુસેના સંપૂર્ણપણે નષ્ટ કરી નાંખી. અમે ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર બનાવવા દઈશું નહીં. અમે ઈઝરાયલની સાથે સાથે સાઉદી અરેબિયા, કતાર, યુએઈ, બહેરીન અને કુવૈતની પણ રક્ષા કરી અને આગળ પણ કરતાં રહીશું. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અંગે પણ અમેરિકાએ હાથ અધ્ધર કર્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. યુદ્ધના કારણે જ્યાં લાખો કરોડના ઓઈલ અને ગેસનો વેપાર ઠપ થઈ ગયો છે. ત્યાં હવે ટ્રમ્પ કહી રહ્યા છે કે જે દેશો હોર્મુઝ સ્ટ્રેટથી પોતાના જહાજો લઈ જતાં હોય તે ત્યાંની સુરક્ષા કરે. જરૂર પડે ત્યારે અમેરિકા મદદ કરશે. પણ સુરક્ષાની જવાબદારી તો તે દેશોની જ હોવી જોઈએ. અમેરિકા ક્યારેય આ રસ્તાનો ઉપયોગ કરતું નથી. જે દેશો અહીંથી ઓઈલ લઈ જતાં હોય અને વેપાર કરતાં હોય તે આગળ આવે.

## US સાથે ટ્રેડ ડીલની વાટાઘાટોમાં નવા મુદ્દાઓ અંગે સંમતિ સધાઈઃ ચીન

બેઈજિંગ, તા.૨૧

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બેઈજિંગ મુલાકાત પૂર્વે ટ્રેડ વાટાઘાટોમાં કેટલાક નવા મુદ્દાઓ અંગે સંમતિ સધાઈ હોવાનો ખુલાસો ચીન દ્વારા થયો છે. પશ્ચિમ એશિયામાં તણાવની સ્થિતિ વચ્ચે ચીન-અમેરિકાએ વ્યાપાર ક્ષેત્રે નવા સંબંધોની શરૂઆત વાટાઘાટો જારી રાખી હોવાનું ચીનના વાણિજ્ય મંત્રાલય દ્વારા જણાવાયું છે. ચીનના જણાવ્યા મુજબ, બંને દેશ વચ્ચે સંવાદ અને વાતચીતને આગળ ધપાવવા માટે આર્થિક અને વ્યાપાર સંબંધી આદાન-પ્રદાનના મિકેનિઝમનો ઉચિત ઉપયોગ કરવા સંમતિ સધાઈ છે. પેરિસ ખાતે તાજેતરમાં ચીન-યુએસ વચ્ચે યોજાયેલી વાટાઘાટો અંગે માહિતી આપતાં વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તા હે યોન્ગક્વિઆને કહ્યું હતું કે, બંને દેશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. જેમાં ટેરિફ મેનેજમેન્ટ, દ્વિપક્ષી વેપારને પ્રોત્સાહન, રોકાણ જેવા પરસ્પર હિતકારી મુદ્દા આવરી લેવાયા હતાં.અગાઉ સંમતિ સધાઈ હોય તેવા મુદ્દાઓને યથાવત રાખીને કેટલાક નવા મુદ્દાઓ સુધી પહોંચવામાં સફળતા મળી હતી.

## ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મોટા પાયે ચરસનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો

સેક્ટર – ૭ પોલીસ સ્ટેશન વિસ્તારના ગ – ૧ સર્કલ નજીક સેક્ટર – ૪/એ કોર્નર પાસે આવેલ સ્વરાજ કોમ્પલેક્ષના ફલેટ નં – એ/૧૦૨ માંથી કાળાશ પડતો કથ્થઇ રંગનો ઘટ્ટ સ્વરૂપનો માદક પદાર્થ ચરસનો જથ્થો ૧.૫૫૭૪ કિ.ગ્રા. કિ.રૂા.૩,૮૯,૩૫૦/- તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા.૩,૯૪,૩૫૦/- નો મુદ્દામાલ કબ્જે કરી એક આરોપીને પકડી એન.ડી.પી.એસ.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી લોકલ ક્રાઇમ બ્રાન્ચ- ૧, ગાંધીનગર

ગાંધીનગર જીલ્લામાં નશીલા પદાર્થોની બદી નેસ્ત નાબુદ કરવા તેમજ યુવા વર્ગને નશાના રવાડે ચડતા અટકાવવા સારૂ નશાકારક પદાર્થ વેચાણ કરવાની પ્રવૃતિ અટકાવવા સારૂ ગાંધીનગર રેન્જના વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ સાહેબ તથા જીલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમસેટ્ટી સાહેબશ્રી નાઓએ અસરકાર પેટ્રોલીંગ કરી એન.ડી.પી.એસ. અન્વયે રેઈડો કરી પરીણામ લક્ષી કામગીરી કરવા એલ.સી.બી પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.બી.વાળા નાઓને ખાસ સૂચના કરેલ.

જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.બી.વાળા નાઓએ એલ.સી.બી.ના માણસોની અલગ અલગ ટીમો બનાવી તેઓને ગાંધીનગર શહેર તેમજ જીલ્લા વિસ્તારમાં જાહેર જગ્યાઓ ઉપર કેટલાક ઈસમો નશીલા પદાર્થોની નાની નાની પડકીઓ બનાવી

તેનું વેચાણ કરી યુવા વર્ગને નશાના રવાડે ચડાવી રહેલ હોવાની માહિતી મળેલ હોય. જે અન્વયે માહિતી મેળવી કેસો શોધી કાઢવા સારૂ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ. તે દરમ્યાન ડી.બી.વાળા, પોલીસ ઈન્સ્પેકટર તથા એન.બી.ચૌધરી, પોલીસ ઈન્સ્પેકટર નાઓને ખાનગી રાહે ચોક્કસ અને આધારભુત માહિત મળેલ કે, એક ઈસમ લૈલેશભાઇ કુંભાભાઇ ચૌધરી નાનો ચરસ જેવા માદક પદાર્થની નાની નાની પડીકીઓ બનાવી ગાંધીનગર શહેર વિસ્તારમાં આવેલ જાહેર સ્થળઓ ફરી ચોરી છુપીથી ગેરકાયદેસર રીતે વેચાણ કરે છે અને તે હાલમાં સેક્ટર – ૪/એ કોર્નર પાસે આવેલ સ્વરાજ કોમ્પલેક્ષના પ્રથમ માળે આવેલ પોતાના મકાન ખાતે ચરસના જથ્થા સાથે હાજર છે જે મળેલ બાતમી હકીકત આધારે એન.બી.ચૌધરી પોલીસ ઈન્સ્પેકટર નાઓ ટીમના માણસો સાથે મોજે – ગાંધીનગર, ગ – ૧ સર્કલ નજીક સેક્ટર – ૪/એ કોર્નર પાસે આવેલ સ્વરાજ કોમ્પલેક્ષના ફલેટ નં – એ/૧૦૨ ખાતેથી આરોપી લૈલેશભાઇ કુંભાભાઇ ચૌધરી ઉ.વ.૨૦ હાલ રહે. ફલેટ નંબર - એ/૧૦૨, સ્વરાજ કોમ્પલેક્ષ, ગ – ૧ સર્કલ પાસે, સેક્ટર – ૪/એ, ગાંધીનગર મુળ રહે. પટેલવાસ, રાણેસરી ગામ, તા.થરાદ, જી.વાવ – થરાદ વાળાને ગેરકાયદેસર કાળાશ પડતો કથ્થઇ રંગનો માદક પદાર્થ ચરસ ૧.૫૫૭૪ કિ.ગ્રા.ની કિ.રૂા.૩,૮૯,૩૫૦/- તથા એક પારદર્શક ડબ્બામાં મુકેલ પોલીથીનની કોથળીઓ કિ.રૂા.૦૦/૦૦ તથા એક ગ્રે કલરની સિન્થેટીક કપડાની થેલી કિ.રૂા.૦૦/૦૦ તથા એક સુટકેસ




કિ.રૂા.૦૦/૦૦ તથા એક મોબાઈલ ફોન કિ.રૂા.૫,૦૦૦/- તથા એક અસલ આધારકાર્ડ કિ.રૂા.૦૦/૦૦ તથા એક અસલ લાઈટ બીલ કિ.રૂા.૦૦/૦૦ ગણી કુલ રૂા.૩,૯૪,૩૫૦/- નો મુદ્દામાલ કબ્જે કરી એન.ડી.પી.એસ. નો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઃ-

(૧) લૈલેશભાઇ કુંભાભાઇ ચૌધરી ઉ.વ.૨૦ હાલ રહે. ફલેટ નંબર - એ/૧૦૨, સ્વરાજ કોમ્પલેક્ષ, ગ – ૧ સર્કલ પાસે, સેક્ટર – ૪/એ, ગાંધીનગર મુળ રહે. પટેલવાસ, રાણેસરી ગામ, તા.થરાદ, જી.વાવ – થરાદ

પકડવાના બાકી આરોપીઃ-

(૧) ભુરાભાઇ રહે. ભરડાસર તા.થરાદ જી.વાવ થરાદ મો.નંબર – ૯૦૨૩૧૧૯૫૯૧ જેના પુરા નામની ખબર નથી તે.

કબ્જે કરેલ મુદ્દામાલઃ-

(૧) ચાર પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બામાં માદક પદાર્થ ચરસ વજન ૧.૫૫૭૪ કિ.ગ્રા. કિ.રૂા.૩,૮૯,૩૫૦/- નો ભરેલ શીલ બંધ છે.

(૨) એક પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બામાં પોલીથીનની કોથળીઓ ભરેલ છે. કિ.રૂા.૦૦/૦૦ છે જે શીલ બંધ છે.

(૩) એક ગ્રે કલરની સિન્થેટીક કપડાની થેલી કિ.રૂા.૦૦/૦૦

(૪) એક ખાખી કલરની સુટકેસ કિ.રૂા.૦૦/૦૦

(૫) એક રીયલમી ૯ આઇ મોડલનો મોબાઈલ ફોન કિ.રૂા.૫,૦૦૦/-

(૬) એક અસલ આધારકાર્ડ કિ.રૂા.૦૦/૦૦

(૭) એક અસલ લાઈટ બીલ કિ.રૂા.૦૦/૦૦ ગણી

કુલ રૂા.૩,૯૪,૩૫૦/-

કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારીની વિગત

(૧) શ્રી ડી.બી.વાળા, પોલીસ ઈન્સ્પેક્ટર

(૨) શ્રી એન.બી.ચૌધરી પોલીસ ઈન્સ્પેક્ટર

(૩) અ.હે.કો. બેચરભાઈ ગેબાભાઈ

(૪) અ.હે.કો. સુનીલકુમાર મોહનભાઈ

(૫) અ.હે.કો. માધવસિંહ લક્ષ્મણસિંહ


(૬) અ.હે.કો. કિરપાલસિંહ વનરાજસિંહ

(૭) અ.પો.કો. હરપાલસિંહ રોહિતસિંહ

(૮) આ.પો.કો. મનિષસિંહ બિપીનસિંહ

(૯) આ.એલ.આર. રાહુલ મનુભાઈ

(૧૦) ડ્રા.આ.એસ.આઈ. ઈશ્રૂવરભાઈ બીજલભાઈ




જનકભાઈ અને જાગૃતીબહેન ઓર્ડર પ્રમાણે નાસ્તા બનાવીને વેચતા અને કુટુંબનું ગુજરાન ચલાવતા હતા. જાગૃતિબહેન અને સેજલ લઘુ ઉદ્યોગ અંતર્ગત ઘરમાં ખાખરા, ગાંઠિયા, કચોરી, ચકરી વગેરે બનાવતા. જનકભાઈ અને સર્વજ્ઞ બહારથી જેમ ઓર્ડર આવે તેમ માલ પહોંચાડતા હતા. સમય જતાં બે દીકરી જોયા અને કિયારાનો જન્મ થયો અને ધંધો વધ્યો. બહારગામના ઓર્ડર મુજબ પાર્સલ બનાવી બસમાં માલ મોકલી દેવાતો હતો અને ઓનલાઈન પેમેન્ટ પણ મળી જતું હતું. સમાજમાં પણ સન્માન વધ્યું હતું.

એક દિવસ સર્વજ્ઞની તબિયત બગડી તેથી ડૉક્ટરને બતાવ્યું. અનેક રિપોર્ટ કરાવ્યા ત્યારે ખબર પડી કે સર્વજ્ઞને ચોથા સ્ટેજનું બ્લડ કેન્સર થયું હતું.

પંદર દિવસમાં સેજલની દુનિયા લૂંટાઈ ગઈ. કહેવાય છે ને એક દસકો સારો તો બીજો દસકો કસોટીનો આવે છે.

આગે સુખ તો પીછે દુઃખ હૈ,
પીછે દુઃખ તો આગે સુખ હૈ!
હર દુઃખમેં કોઈ સુખ હૈ,
આશ - નિરાશ કે રંગ રંગી હૈ
સારી ઉમરીયા... ઓ મિતવા!

મુંબઈ સુધી સર્વજ્ઞની સારવાર માટે પહોંચ્યા પરંતુ બે મહિનામાં તેના પ્રાણ પંખેરુ ઉડી ગયા.

જુવાનજોધ દીકરાના અકાળે મૃત્યુથી ઘરના સર્વે ભાંગી પડ્યા. સેજલની જિંદગીમાં શૂન્યાવકાશ સર્જાઈ ગયો. બંને દીકરીઓ પપ્પા વિના સૂની પડી ગઈ હતી. ત્યાં અચાનક સેજલનાં પિતાનું પણ મૃત્યુ થયું.

જનકભાઈ ખરા અર્થમાં સેજલના પિતા બની ગયા. એમણે સેજલ વહુને પોતાની દીકરી ગણી. પોતાની પૌત્રીઓના ભવિષ્ય માટે તેમને ચિંતા હતી તેથી સેજલને ફરી પરણાવી સુખી કરવાનું ધ્યેય રાખ્યું. તેમણે સંબંધો જોવાનું શરૂ કર્યું અને નરેશભાઈ નામની તેમની નાતની વ્યક્તિ પર તેમની પસંદગી ઢળી. નરેશભાઈએ સેજલ સાથે બંને દીકરીઓને અપનાવવાની અનુમતિ આપી હતી. લગ્નની તારીખ બે મહિના પછીની રાખી દીધી.

એપ્રિલમાં કોરોનાએ જનકભાઈ અને જાગૃતિબેનને ભરખી લીધા. કુદરતે એ કુટુંબમાં કારમા ઘા માર્યા ત્યારે નરેશભાઈ ઘા રૂઝાવવા આવ્યા.

નરેશભાઈએ સેજલ સાથે કોર્ટમાં લગ્ન કર્યા અને બંને દીકરીઓ સહિત તેને પોતાના ઘરે માનભેર આવકાર્યા. થોડો સમય સેજલને ખચકાટ રહ્યો. છેવટે નરેશભાઈનો સ્નેહ જીતી ગયો. સેજલ, જોયા અને કિયારાએ તેમને સ્વીકારી લીધા. સમાજમાં તેમની વાહ વાહ થઈ ગઈ. જનકભાઈએ મૃત્યુ પહેલાં જ પોતાની પુત્રવધુને સન્માન આપી એક નવો ચીલો ચાતર્યો.

હેમાંગીની વિરેન્દ્રકુમાર દલ. મીરાં

ઈડર (ગુજરાત)

**Rajul Kaushik**

રાજુલનું મનોજગત

# "ચકલીની ચહકાટથી જાગતી માનવતા" : પાટણમાં વિશ્વ ચકલી દિવસે પ્રકૃતિપ્રેમનો પ્રેરક સંદેશ

પાટણ,

આલેખનઃ આચાર્ય પીયૂષ

વિશ્વ ચકલી દિવસના પાવન અવસરે પાટણમાં પ્રકૃતિ પ્રત્યેની સંવેદના અને સંસ્કૃતિપ્રેમનું સુંદર દૃશ્ય સર્જાયું હતું. આર્યાવર્ત નિર્માણ ચેરિટેબલ ટ્રસ્ટના આયોજન હેઠળ હર્ષ પ્લાઝા નજીક ચકલી માટેના માટીના માળા (ચકલીઘર) તથા પાણીની પરબડીઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું, જેમાં શહેરના અનેક જાગૃત નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ પવિત્ર કાર્યક્રમના પ્રેરણાસ્ત્રોત અને કેન્દ્રસ્થાન રહ્યા પાટણના સેવાભાવી પર્યાવરણવાદી શ્રી નિલેશભાઈ રાજગોર, જેમણે પર્યાવરણને માત્ર વિષય નહીં, પરંતુ જીવનસાધના બનાવી છે. છેલ્લા બે દાયકાથી વધુ સમયથી તેઓ પ્રકૃતિના સંવર્ધન માટે અવિરત કાર્યરત છે. ગુજરાતભરમાં દેશી જાતિના સાડા આઠ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરીને તેમણે પ્રકૃતિને નવજીવન આપ્યું છે.

વર્ષ ૨૦૧૨થી તેઓ વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ચકલી માટેના માળા અને પાણીની પરબડીઓનું નિઃશુલ્ક વિતરણ કરતા આવ્યા છે, અને અત્યાર સુધીમાં બે લાખથી વધુ ચકલીઘર લોકો સુધી પહોંચાડીને તેમણે ચકલી સંવર્ધનને એક લોકઆંદોલનનું સ્વરૂપ આપ્યું છે.

તેમનો સંદેશ સ્પષ્ટ છે—

"ચકલીને બચાવવી એટલે પ્રકૃતિ સાથેના આપણા સંબંધને જીવંત રાખવો."

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી શ્રી પીયૂષભાઈ આચાર્યએ અત્યંત સ્પર્શક શબ્દોમાં જણાવ્યું કે, ચકલી જેવું નાનકડું પક્ષી માનવજીવન માટે અનમોલ છે. તે આસપાસના જીવજંતુઓને ખાઈને પર્યાવરણનું સંતુલન જાળવે છે અને માનવજાતને અનેક રોગોથી સુરક્ષિત રાખે છે. ખેડૂત માટે તે એક સચ્ચી મિત્ર છે.

તેમણે વધુમાં ઉમેર્યું—

"પ્રકૃતિનું જતન એ માત્ર કર્તવ્ય નથી, તે ધર્મ છે; અને ચકલી તેનું જીવંત પ્રતિક છે."

વિશ્વસ્તરે ચકલીની ઘટતી સંખ્યા અંગે ચિંતિત થઈને યુનો (ૅહૈદ્ભ દ્બર્ૈહજ) દ્વારા ૨૦ માર્ચને વિશ્વ ચકલી દિવસ તરીકે માન્યતા આપીને સમગ્ર માનવજાતને જાગૃત કરવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પહેલ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનું સ્મરણ કરાવતો વૈશ્વિક સંદેશ છે.

આ કાર્યક્રમમાં પાટણના ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી કે.સી. પટેલ, નગરસેવક શ્રી જયેશભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ ઠક્કર, જલારામ મંદિરના ટ્રસ્ટી શ્રી નારણકાકા ઠક્કર તથા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શ્રી માનસીબેન ત્રિવેદી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહી આ સેવાયજ્ઞને બિરદાવ્યો હતો.

આ ભાવને શાસ્ત્રો પણ સમર્થન આપે છે.

(અથર્વવેદ)

અર્થઃ પૃથ્વી અમારી માતા છે અને આપણે તેના સંતાનો છીએ—તેણું રક્ષણ કરવું આપણું પવિત્ર કર્તવ્ય છે.

આ કાર્યક્રમ માત્ર વિતરણ પૂરતો સીમિત રહ્યો નહીં, પરંતુ એક જાગૃતિ અભિયાન બનીને સમાજને સંદેશ આપતો રહ્યો કે—

"નાનકડા પક્ષીનું રક્ષણ, પ્રકૃતિના મહાસંતુલનનું સંવર્ધન છે."

શ્રી નિલેશભાઈ રાજગોર જેવા પર્યાવરણયોગીઓનું કાર્ય આજે સમાજ માટે પ્રેરણારૂપ છે. તેઓ માત્ર વૃક્ષો અને પક્ષીઓનું સંવર્ધન નથી કરતા, પરંતુ માનવમનને પણ પ્રકૃતિપ્રેમ તરફ જાગૃત કરે છે—એટલે તેઓ સાચા અર્થમાં




પ્રકૃતિસાધક છે.

સમાજના દરેક નાગરિકે પોતાના ઘરઆંગણે ચકલી માટે પાણી, દાણા અને માળાની વ્યવસ્થા કરીને આ પવિત્ર અભિયાનમાં સહભાગી થવું જોઈએ—એવો હાર્દિક સંદેશ આયોજકોએ પાઠવ્યો છે.

# ૨૦૨૬નું વર્ષ ઘણા રૌદ્ર સ્વરૂપે આવશે

**Yoggi Astrology**ના અંક ૧૭૬માં આપ સૌનું સ્વાગત છે. મારા પાછલા અંક માં લખ્યું હતું કે હવે પછી પાણી ઉપર યુદ્ધ તેવા સમીકરણ બની રહ્યા છે.ટ્રમ્પે ભૂલ કરીને પૂરા વિશ્વને સંકટમાં મૂકી દીધું છે. મેં જાન્યુઆરીમાં કહ્યું હતું કે, ટ્રમ્પ ભૂલ કરશે તો વિશ્વને ભારી પડશે, તે સત્ય થઈ રહ્યું છે. એવી રીતે રાહુલ પણ ભારતમાં ભૂલ કરશે. અત્યારે ગોચરમાંકુંભમાં મંગળ, રાહુ, બુધ ત્રિગ્રહીની યુતિ સાથે ૧૫ માર્ચના રોજ ૧૫ ડિગ્રી ઉપર ગ્રહો બેઠા છે. આથી આ બધા ગ્રહોએક્ટિવ ગણાય છે. કારણ કે, જ્યારે ૧૦ ડિગ્રી થી ૨૦ ડિગ્રી ઉપર ગ્રહો પ્રબળ બને છે. જ્યારે મીન રાશીમાં સૂર્ય, રાહુ, શનિ, નેપ્ચ્યુન ભેગા થયા છે. રાહુ, બુધ, મંગળ આ બધા ગ્રહોશતભિષા નક્ષત્રમાં બેઠા છે. જ્યારે શનિ ઉત્તરાભાદ્રપદામાં બેઠા છે. આથી ૧૫ માર્ચથી રાહુ-મંગળનોઅંગારક યોગ પ્રબળ બનતો હોવાથી યુદ્ધની તીવ્રતા જોવા મળશે.

જ્યારે મારો અંક તમારા હાથમાં આવશે ત્યારે ઘણા ન્યુઝ જોવા મળ્યા હશે. તમે જોયું હશે કે પાકિસ્તાન પર ભયંકર હુમલા થઈ રહ્યા છે, આજે પાકિસ્તાનમાં યુદ્ધ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આવા સમયે મુનીર પણ ટ્રમ્પની જેમ ભૂલ કરશે, આ ભૂલથી પાકિસ્તાનના ટુકડાજરૂરથી થશે. આ સમય પૂરા વિશ્વ માટે ઘણો સંવેદનશીલ છે, તેમાં નવા યુદ્ધ મોરચા, પ્લેનક્રેશ, આગની ઘટના, કોઈ મોટા નેતાનું મૃત્યુ, પાણી ઉપર યુદ્ધની ઘટનાઓ, વિશ્વમાં અર્થતંત્ર ઠપ્પ થતું જોવા મળશે.

સ્ટેટ ઓફ હોર્મુઝમાં ઘણા જહાજ ઉપર એટેક થયા, ત્યાં જ નષ્ટ થઈ. જેમ મેં અગાઉના અંકમાં લખ્યું હતું - પાણી ઉપર યુદ્ધ. પહેલા બોર્ડર માટે લડતા હતા, હવે પાણીની બોર્ડર ઉપર યુદ્ધ થતું જોવા મળશે. હાલ ફ્રાન્સે લાલ સાગરમાં પોતાનું જહાજ મોકલ્યું છે. આ બાજુ અમેરિકા તેના બીજા જહાજ મોકલી રહ્યા છે. તેવા સમયે રશિયાએ પોતાના જહાજ પાણી ઉપર ઉતારી દીધા છે. ઈઝરાયલ પણ તેના જહાજ પાણી ઉપર મુકી દીધા. આ સમયે ભારતની પણ પોતાની નેવી (દ્ગટ્ઠદૃઅ) પહેલેથી જ એક્ટિવ છે. ૨ એપ્રિલે મંગળ રાહુને છોડીને ફરીથી સૂર્ય-મંગળ યુતિ બનશે, જે મીન રાશિમાં, આ મીન રાશિ જલીય રાશિ છે. તેમાં સૂર્ય-મંગળ અંગારક યોગ, અગ્નિ પાણી ઉપર આગ લગાવશે. રાહુ પોતાનું બળ વધારશે કારણ કે મંગળ છુટોપડવાથી, પરંતુ રાહુ મંગળનું નક્ષત્ર શતભિષામાં રહેશે.

એક વ્યક્તિએ મને પૂછ્યું કે, વિશ્વ યુદ્ધ ક્યારે થશે. આ શું વિશ્વ યુદ્ધ નથી, રશિયાની સામે યુક્રેન તથા યુરોપના ૨૮ દેશો, અમેરિકા, કેનેડા જ્યારે ઈરાન સામે ઈઝરાયલ, ૧૩ આરબ દેશો, અમેરિકા. હવે તેમાં ફ્રાન્સ, જર્મની આવે છે. ચીન ઈરાનને લશ્કરની મદદ કરે છે. પાકિસ્તાન, બલૂચિસ્તાન, અફઘાનિસ્તાન ગરમી, રશિયા, આ બધું જોતાં કઈ શાંતિ દેખાતી નથી.

મીન રાશિમાં શનિ-નેપ્ચ્યુન, જે યુતિ ઘણા વખતે છે. આ ઉપર ઘણી વાતો કરી હતી, જે સત્ય થઈ હતી. હવે આ યુતિમાં સૂર્ય-મંગળ આવે છે. આવનાર ૧૯ માર્ચના રોજ વિશ્વમાં નોર્થ, નોર્થ-ઈસ્ટમાં ધરતીકંપ થતા જોવા મળશે. જેમાં રશિયા તથા અલાસ્કામાં ૭ થી ૮ના સ્કેલનો ધરતીકંપ થશે. જાપાન, ચીન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, હિમાલયનો એરિયા, દિલ્હી જેવી જગ્યા ઉપર ધરતીકંપ થશે. આ ઉપરાંત અમેરિકાના કેલિફોર્નિયા, કેનેડામાંઆલ્બર્ટા, **B.C.**માં ૭ની તીવ્રતાના કંપન થશે.

૧૯ માર્ચથી ચૈત્ર નવરાત્રી શરૂ થાય છે. ભારતની વૃષભ લગ્નની કુંડળીમાં કર્ક ચક્ર હોવાથી આઠમેકુંભમાં રાહુ-મંગળ બેઠા છે. તેની બાજુમાં નવમે સૂર્ય-શનિ મીન રાશિમાં જે ત્રીજા સ્થાને જોઈ રહ્યા છે. સાતમેથી બીજેઆઠમે રાહુ-મંગળ જે પડોશી દેશ બતાવે છે. રાહુ-મંગળ જે મારક ગ્રહ છે. મંગળ ધીમે ધીમે આગળ વધે છે. ૨ એપ્રિલે જે શનિ સાથે આવશે.

આ ઉપરથી જોતાં ભારતના પડોશી દેશ સાથે કંઈ નવું થશે, તથા ભારતની અંદર પણ ઘણા પ્રોબ્લેમ થતાં જોવા મળશે. જાન્યુઆરીથી ભારે ફેબ્રુઆરી, ફેબ્રુઆરીથી ભારે માર્ચ, માર્ચથી ભારે એપ્રિલ જશે, આથી ભારતમાં વિપક્ષ, મોદી સરકાર ઉપર હાવી થતો જોવા મળશે, તેમાં વિપક્ષ ફાવશે નહીં.

ગુરુ મિથુન રાશિમાં ૧૨૧ દિવસ પછી ફરીથી માર્ગી થાય છે.હાલ ગુરુ અતિચારી ચાલે છે, જેમાં ગુરુ ઝડપથી વક્રી થઈને રાશિ બદલતો રહે છે. ૧૧ માર્ચથી ગુરુ માર્ગી થઈને ૫ જૂન સુધી માર્ગી થઈને મિથુન રાશિમાં રહેશે. આ સમય દરમ્યાન હિન્દુ વિક્રમ સંવત ૨૦૮૩ની શરૂઆત ૧૭ માર્ચ ૨૦૨૬ દિવસે થાય છે. આ સંવત રાજા, ગુરુ અને સંવત મંત્રી મંગળ બને છે. જ્યારે સંવતનાં રાજા ગુરુ તથા ગુરુ ગોચરમાં માર્ગી, આ એક સારી નિશાની બતાવે છે. આથી ધર્મનો વિસ્તાર થાય. આ ઉપરાંત વિશ્વમાં ઘણો બદલાવ આવે. વિક્રમ સંવત ગુરુ, રાજા અને મંત્રી મંગળ એ સમય દરમ્યાન મીડલઈસ્ટપ્રોબ્લેમ ૧૯૮૭-૮૮માં થયો હતો.

તે ઘટના ફરી જોવા મળી રહી છે, તે સમય દરમ્યાન ઈરાન ન્યુક્લિયર ઉપર ચર્ચા થઈ હતી. તે જ ચર્ચા હાલ થઈ રહી છે. ૮૭-૮૮માં ઘણા આંદોલન થયા હતા તથા આંદોલન થતાં જોવા મળશે જેમાં અમેરિકામાં આ સમય દરમ્યાન ઘણા આંદોલન થતાં જોવા મળશે. ૧૨ જૂન ૧૯૮૭ના રોજ અમેરિકા શીત યુદ્ધ કે બર્લિનવોલ તોડી નાખે છે. ૧૯ ઓક્ટો ૧૯૮૭ના રોજ સ્ટોકમાર્કેટ તૂટી ગયું હતું. ૧૯૮૭માં અમેરિકામાં ઘણા નામી એક્ટર તથા નેતાનું મૃત્યુ થયું હતું. ૧૯૮૭માં અમેરિકામાં **Recessions** આવ્યું હતું. તેવી રીતે ૧૯૮૮માં કેનેડામાં પણ **Recessions** આવ્યું હતું. તેવું જ ફરીથી થવા જશે. તેનું કારણ વિક્રમ સંવત ૨૦૮૩ - ૧૯૮૭-૮૮ સમાન ગ્રહોની જ પરિસ્થિતિ હતી. અમેરિકામાં આવનાર સમયમાં રાજકીય ઘટના થતી જોવા મળશે. આ સમય દરમ્યાન વિશ્વમાં ધર્મ ઉપર ઘણી ઘટના જોવા મળશે. ભારતમાં નેતાઓ વચ્ચે ધર્મ ઉપર પ્રવચન આપીને ઉશ્કેરી ભર્યું વાતાવરણ કરશે. આ સમય દરમ્યાન શસ્ત્રોનો ઉપયોગ વધશે, તે થઈ રહ્યું છે. નવા નવા શસ્ત્રો બનતા જોવા મળશે. આ સમય દરમ્યાન **South East** દિશામાં કુદરતી આપત્તિ થતી જોવા મળશે. આ સંવતનું નામ રૌદ્ર છે, આનો અર્થ તોફાન, ભયાનક સ્વરૂપ બતાવે છે. આનો અર્થ થાય છે કે જુનાનો અંત અને નવાની શરૂઆત.

આ વર્ષના રાજા, ગુરુ અને મંત્રી મંગળ હોવાથી ભારતમાં હિન્દુત્વનો પ્રભાવ વિશ્વમાં વધશે. ભારતની વૃષભ લગ્નની કુંડળીમાં ત્રીજા સ્થાનમાં સૂર્ય, ચંદ્ર, બુધ, શનિ બેઠા છે, તેના ઉપરથી ગુરુ ભ્રમણ જૂનથી શરૂ થશે. આ બધા ગ્રહોએક્ટિવ થશે. આ બધા ગ્રહો ઉપરથી પાકિસ્તાન સાથે સિંદૂર-૨ થવાની સંભાવના બનશે. આ ઉપરાંત ભારત એગ્રેસીવ બનશે. આખા વિશ્વમાં ભારતની નામના થશે. જૂનમાં ગુરુ કર્ક રાશિમાં તથા રાજા-નેપ્ચ્યુન મીન રાશિમાં હોવાથી વિશ્વમાં અતિશય વરસાદ પડશે. આ ઉપરાંત અતિશય ગરમીનું પ્રમાણ રહેશે. ૧૦૦ વર્ષના ગરમીના બધા રેકોર્ડ તૂટશે.

સચોટ :

૧) આવનાર સમયમાં પાણી ઉપર યુદ્ધ.

૨) ટ્રંપ ઈરાન સામે હથિયાર મૂકી દેશે.

૩) ઈઝરાયલ માટે સમય સારો નથી.

૪) કુદરતી આપત્તિ, જંગલમાં આગ, લાવા, ધરતીકંપ, ભારે વરસાદથી ઘણું નુકસાન, સુનામી, રોગચાળો, ટોચના નેતાનું મૃત્યુ, આતંકવાદ ઘટશે.

**Yoggi Astrology**ની મુલાકાત લઈ તમારા જીવનમાં આવનાર સમયની સમસ્યા દૂર કરશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪.

**Yogesh Goudh**
**(M.Sc. B.Ed)**
**Yoggi Astrology**
**77 Mission Ridge TR.**
**BRAMPTON, CANADA**
**+1-647-286-3734**




Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

22-03-2026_12 Jan Fariyad_New_P-2